## <u>સાગબારાના મે. જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.સાગબારા</u>

**ફોજદારી કેસ નં. 237/2026**

**આંક- 5**

શ્રી સરકાર **....ફરીયાદી**

વિરૂધ્ધ

**મહેશભાઇ રડતીયાભાઇ વસાવા,રહે.ઘોડમુંગ,તા.સાગબારા,જી.નર્મદા**

**.....આરોપી(ઓ)**

**ગુન્હો:- ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 223 મુજબ...**

**-:: ચુ કા દો ::-**

1. આ કામના આરોપી સામે  મુજબનો ગુનો નોધાયેલ છે અને ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ કરતાં આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતો હોય, ઉપરોક્ત કલમ હેઠળના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ. જે અન્વયે આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.
2. આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ.  ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો સ્વેછાપૂર્વક ગુનો કબૂલ કરવા માગતા હોઈ તે સબબની પુરસિસ  રજૂ કરેલ જેથી કબૂલાત સ્વીકારી, આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી – સંભળાવી, સમજાવતા, આરોપી કોઈપણ જાતની ધાક- ધમકી કે દબાણ વગર સ્વેછાએ ગુનો કબૂલ કરતાં હોય તેમ જણાવે છે અને તે સબબ લેખિત પુરસિસથી જાહેર કરેલ છે. જેથી આરોપીની ગુના સંબંધે પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ ગુનો કબૂલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોઈ, કુટુંબના ભારણપોષણની જવાબદારી તેમના શિરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.
3. આરોપીની ગુનાની કબૂલાત જોતાં તે સ્વૈછીક હોવાનુ જણાયેલ છે. ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધ હાલના ગુના સિવાય અન્ય કોઈ ગુનાઓ નોંધાયેલ હોવાનો કોઈ પ્રાથમિક પુરાવો ચાર્જશીટ સાથે રજૂ કરવામાં આવેલ નથી. જેથી આરોપીની ગુના કબૂલાત સ્વીકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબૂલ કરેલ છે તેમજ ગુનાનો પારાવાર પસ્તાવો છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહિ કરવાની બાંહેધરી આપેલ છે તેમજ આરોપી મજૂર વર્ગના વ્યક્તિ હોવાનું ધંધાની વિગતમાં દર્શાવેલ છે તે હકીકત તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો અનુસાર આરોપીને હળવી સજા કરવાનું વાજબી જણાઇ આવે છે. નામદાર સુપ્રીમ કોર્ટનો પ્રસ્થાપિત સિદ્ધાંત કે ફક્ત દંડ ભરી શકવાની અસક્ષમતા અને ગરીબીના કારણે કોઇ જેલમાં ન રહેવું જોઈએ તે તથા ઉપરોક્ત તમામ સંજોગો અને નામદાર ગુજરાત હાઇકોર્ટના ગુજરાત રાજ્ય વી. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદાના પ્રસ્થાપિત હળવી સજાના સિદ્ધાંતો ધ્યાને લઇ કાયદાની જોગવાઇમાં કોર્ટને આપેલ વિવેકબુદ્ધિ સત્તાનો ઉપયોગ કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**- : હુકમ : -**

1. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ 278(1) અન્વયે, ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 223 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ₹200/- (રૂપિયા બસ્સો પૂરા) નો દંડનો હુકમ  કરવામાં આવે છે અને દંડ ના ભરે તો, દિન-2ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
2. બિનકીમતી મુદ્દામાલનો  નિયમોનુસાર નાશ કરવો. કીમતી મુદ્દામાલ, જો હોય તો, વચગાળાનો હુકમ કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય પરત કરવાપાત્ર કીમતી મુદ્દામાલ, જો હોય તો, મૂળ માલિકને ખરાઈ કરી પરત કરવા હુકમ કરવામાં આવે છે.

   હુકમ આજરોજ તા.14/03/2026 ના રોજ **નેશનલ લોક અદાલતના દિવસે સ્પેશ્યલ સિટિંગમાં** ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 14/03/2026

સ્થળ: સાગબારા

**(ભરતકુમાર અશોકભાઈ ચૌધરી)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સાગબારા, જી.નર્મદા
(જજ  કોડ નં.GJ01651)